અપીલ અરજી નં.૨૫૬ તા.૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અમરનાથ ત્રિપાઠી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૪–૭–૦૯ તથા તા.૨૫–૯–૦૯ ની અરજીથી ગૌતમ સ્ટીલ કોર્પોરેશન દેનાબેંક પાસે, ઉધના એ રોડ બાજુ વધારાનું બાંધકામ કરેલ જે બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૬/૨૦૦૯–૧૦

શ્રી અમરનાથ ત્રિપાઠીની તા.૨૪–૭–૦૯ તથા તા.૨૫–૯–૦૯ ની અરજીથી ગૌતમ સ્ટીલ કોર્પોરેશન દેનાબેંક પાસે, ઉધના એ રોડ બાજુ વધારાનું બાંધકામ કરેલ જે બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૧ તા.૧૬–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને અપીલ તા.૨૪–૭–૦૯ ની અરજી અંગે કે તા.૨૫–૯–૦૯ માટે છે જે સ્પષ્ટતા કરવા તથા તા.૨૪–૭–૦૯ માટે અપીલ અરજી હોય તો દિન–૩૮ ના વિલંબથી કરેલ છે. જે અંગે વિલંબના કારણો અને વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/૫૧૩૨ તા.૩૦–૧૧–૦૯ થી અરજદારની મુળ અરજીની નકલ, તા.૧૩–૧૦–૦૯ સા.ઝોન./ટેક./આ.નં.૪૨૫૫ થી નમુના 'ઘ' માં માહિતી પૂરી પાડયાની નકલ વિગેરે માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૫–૯–૦૯ ની અરજીથી ગૌતમ સ્ટીલ કોર્પોરેશન દેનાબેંક પાસે, ઉધના એ રોડ બાજુ વધારાનું બાંધકામ કરેલ તે અંગે તેમની તા.૨૪–૭–૦૯ ની અરજી બાબતે કરેલ કાર્યવાહી, પાર્કીગ જગ્યા વિગેરેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં અત્રેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેમજ હાલ મિલ્કતધારક વિરુધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી એવું જણાવવામાં આવેલ. અરજદારે અપીલ અરજીમાં જવાબ મળેલ નથી. એવું જણાવી અપીલ અરજી કરેલ. અરજદારે તા.૨૪–૭–૦૯ ની અરજી તથા તા.૨૫–૯–૦૯ ની અરજી બાબતે સ્પષ્ટતા કરેલ નથી.આરટીઆઈ એકટની કલમ ૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૯–૦૯ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોય માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ તથા તા.૨૪–૭–૦૯ ની અરજી અપીલ વિલંબથી કરવા બાબતે યોગ્ય વાજબીપણું રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જાણ તથા અમલ માટે
(૨) શ્રી અમરનાથ ત્રિપાઠી